**<u>ફોજદારી કેસ નં.૧૪૪૧૬/૨૦૨૦ ના કામે આંક–૧ નીચે હુકમ.</u>**

(૧) આજરોજ નાલસા તથા ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના ડાયરેકશન મુજબ સ્પે. સીટીંગ પ્રોસીડીંગ્સનું આયોજન કરવામાં આવેલ છે અને હાલનો કેસ સ્પે. સીટીંગ પ્રોસીડીંગમાં કાર્યવાહી અર્થે આઇડેન્ટીફાય કરી મુકવામાં આવેલ છે.

(૨) ફરીયાદ તથા સાધનિક રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત (બોમ્બે) પ્રિવેન્શન ઓફ ગેમ્બલીંગ એકટ ૧૮૮૭, કલમ–૧૨ મુજબના ગુનાનો આક્ષેપ છે. આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પેટી ઓફેન્સ છે અને લાંબા સમયથી આરોપીઓ વિરૂધ્ધના પ્રોસેસની બજવણી અર્થે પેન્ડીંગ છે. આરોપીઓ લાંબા સમયથી ગેરહાજર છે અને નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી અને હાલનો કેસ લાંબા સમય સુધી સાઈનેડાઈ અવસ્થામાં રાખવાથી કોઈ અર્થ સરે તેમ નથી. આરોપીઓના જામીનદાર વિરૂધ્ધ પણ કોઈ કાર્યવાહી પોલીસ એજન્સી ધ્વારા કરવામાં આવેલી નથી. જેથી સી.આર.પી.સી. ૧૯૭૩ કલમ ૨૫૮ ની જોગવાઈ ધ્યાને લઈ હાલનું પ્રોસીડીંગ્સ ગેરહાજર રહેલ આરોપીઓ વિરૂધ્ધ બંધ કરવા હુકમ કરવામાં આવે છે. આરોપીઓ જો મળી આવે તો ફરીયાદપક્ષ કેસ રીસ્ટોર કરી હાલની ન્યાયીક કાર્યવાહી આગળ વધારવા સ્વતંત્ર રહેશે.

(૩) જુગાર સાહિત્યનો અપીલ સમય બાદ નાશ કરવો અને રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવી. મુદ્દામાલ મોબાઈલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

(૪) સ્પે. સીટીંગ સ્ટેટમેન્ટમાં હાલનો કેસ દર્શાવવો.

હુકમ આજરોજ સ્પે. સીટીંગ પ્રોસીડીંગ્સમાં જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૧૨/૨૦૨૪.
અમદાવાદ.

**( એ. એન. વોરા )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર.
(સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ)
જજ કોડ નં. જીજે૦૦૮૪૯.